મારી બધી સફળતાનો પાયો મારી નિષ્ફળતાઓ છે
- બેન્જામીન ફ્રેંકલીન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૩૩ | ૨૨ જુલાઇ ૨૦૧૨, રવિવાર, શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં વરસાદ ખેંચાતા તંત્ર સતર્ક

## જિલ્લાના અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા કલેક્ટરની તાકીદ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી સ્થિતિ અંગે તંત્રના અધિકારીઓને સતર્ક રહેવા તેમજ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે કડક તાકીદ કરી છે.

જિલ્લા સંકલન સમિતિની બેઠક બાદ દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરવાની સ્થિતિ આવી ન પડે તે માટે આજે ખાસ સમીક્ષા બેઠક તેમણે તંત્રના અધિકારીઓ સાથે યોજી હતી.

જિલ્લામાં કૃષિક્ષેત્રે કન્ટીજન્સી પ્લાન તૈયાર કરી દેવાયા બાદ ખેડૂતોને સમયસર બિયારણ અને ખાતર ઉપલબ્ધ બને તે જોવા તેમજ પશુધન માટે ઘાસચારાની ઉપલબ્ધિ અને પેયજળની સ્થિતિ સહિતની બાબતો અંગે આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે કૃષિક્ષેત્રે આ સમયગાળામાં ગત વર્ષની તુલનામાં ૧૦ હજાર હેક્ટર જેટલુ વધુ વાવેતર થયુ હોવાનો અહેવાલ ખેતીવાડી અધિકારીએ રજુ કર્યો હતો જેથી ઘાસચારાની તકલીફ પણ નહિ ઉભી થાય તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાં નર્મદા કેનાલમાંથી પાણી પુરવઠો આપવાની યોજના અમલમાં હોવાથી હાલ પાણીની કોઈ તકલીફ નહિ હોવાનું પાણી પુરવઠાના અધિકારીઓએ જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી સ્થિતિમાં લોકોને કોઈ મુશ્કેલી ઉભી ના થાય તેમજ કોઈ સંગ્રહાખોરો પરિસ્થિતિનો લાભ ના ઉઠાવે તે માટે સતર્ક બની પરિસ્થિતિ પર નજર રાખવા માટે જણાવ્યું હતું.

### કલોલના સાંતેજમાંથી કોલેરાનો શંકાસ્પદ દર્દી મળ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ પંથકમાંથી કોલેરાનો એક શંકાસ્પદ દર્દી મળી આવતાં તંત્ર ચોંકી ઉઠયું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સાંતેજમાં આ શંકાસ્પદ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ પણ કરવામાં આવ્યું છે જો કે ત્યાંથી અન્ય કોઈ દર્દી કે કેસ મળી આવેલ નથી.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ દર્દી હાલ કલોલની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત સુધારા પર છે. તંત્ર એ દર્દીના જરુરી નમૂના મેળવી અને તેની તપાસ માટે અમદાવાદ મોકલી આપ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી રાજસ્થાનનો રહીશ છે અને અહીં રોજગારી માટે આવ્યો હતો. તેને અહિં આવે બે થી ત્રણ માસ જેટલો જ સમય થયો હોવાનું જાણવા મળેલ છે.

## કલોલ શહેરમાં પ્રદૂષિત પાણી અપાતુ હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૧

કલોલ શહેરમાં પ્રદૂષિત પાણી પુરવઠો આપવામાં આવતો હોવાની તેમજ માણસા તાલુકામાં નર્મદા પાણીની પાઈપલાઈનમાં વાલ્વ મુકી ધનપુરાથી બનાવેલ કાચી કૃષિ કેનાલ મારફતે ખેડૂતોને પાણી આપવાની રજુઆતો આજે જિલ્લા સંકલન સમિતિમાં ધારાસભ્ય શ્રી સુરેશ પટેલ અને બાબુજી ઠાકોરે કરી છે.

જિલ્લા કલેકટરશ્રી પી. સ્વરૂપના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં રજુઆત કરતાં ધારાસભ્ય શ્રી સુરેશ પટેલે જણાવ્યું હતું કે કલોલ શહેરના પૂર્વ વિસ્તાર સહિત ઘણા બધા વિસ્તારોમાં પેયજળની ગુણવત્તા જળવાતી નથી. શહેરીજનોને પ્રદૂષિત પાણી આપવામાં આવી રહ્યું છે જે તેમના આરોગ્ય માટે જોખમી છે. તેમણે જણાવ્યુ હતુ કે નવા ચીફ ઓફિસર નિયુક્ત થયા છે એટલે આપની કક્ષાએથી તાત્કાલિક પગલાં લેવાય તે જરૂરી છે.

કોંગ્રેસના ધારાસભ્યશ્રી બાબુજી ઠાકોરે માણસા વિસ્તારના ૮ જેટલા પ્રશ્નો આજની સંકલન સમિતિની બેઠક દરમ્યાન રજુ કર્યા હતા.

તેમણે નર્મદા પાઈપલાઈનમાં વાલ્વ નાખી ધનપુરાથી જતી કાચી કૃષિ કેનાલ દ્વારા ખેડૂતોને પાણી સિંચાઈ માટે પુરૂ પાડવામાં આવે તે જરૂરી છે. હાલ આ કેનાલમાં પાણી અમુક વિસ્તારો માટે જ છોડવામાં આવે છે તેને બદલે લાકરોડા, ઉમિયાનગર, મહુડી, ખડાત, અનોડિયા, વરસોડા, રંગપુર વિસ્તારને પણ આવરી લેવામાં આવે તે જોવા જણાવ્યું હતું.

તેમણે માણસા શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

### કોંગીના બે ધારાસભ્યોની પ્રથમ વખત હાજરી ચર્ચાનો મુદ્દો બની

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં આજે પહેલીવાર કોંગ્રેસના બે ધારાસભ્યો શ્રી સુરેશ પટેલ ને શ્રી બાબુજી ઠાકોરની ઉપસ્થિતિએ સૌને ચોંકાવી દીધા હતા.

જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં જિલ્લાના ધારાસભ્યો સામાન્યતઃ હાજરી આપવાનું ટાળતા હતા પરંતુ આજે આ બંને ધારાસભ્યોએ હાજરી આપી અને પ્રશ્નોની અસરકારક રજુઆત પણ કરી હતી.




જીવનને આપો મોકળાશ અને સાથે મનગમતી હળવાશ

૧૦૮ થી ૧૪૨ વારના બે બેડરૂમ તથા
૧૬૫ થી ૧૮૦ વારના ત્રણ બેડરૂમના
લક્ઝુરીઅસ એપાર્ટમેન્ટ્સ
(સેમ્પલ હાઉસ તૈયાર)

જીવનમાં મોકળાશ છે તો બધું જ છે. એમાં જો મનગમતી હળવાશનો સાથ પણ મળી જાય તો જીવન કેવું હર્યુંભર્યું બની જાય! આવી જ મજાની જીવનશૈલી વિકસાવવાની તક આપે છે શાલ્વિક શુકન. ગાંધીનગરના હરિયાળા વાતાવરણમાં તમામ અત્યાધુનિક સુવિધાઓથી સંપન્ન એક અનોખો રેસિડેન્શિયલ પ્રોજેક્ટ.





૧૨૮ થી ૩૦૦ વારના રેસીડેન્શીયલ પ્લોટ્સ

- પ્લાન પાસ, (N.A.N.O.C.), ટાઈટલ ક્લીયર પ્લોટ્સ
- ડેવલોપ કોમન પ્લોટ
- કોમન અન્ડરગ્રાઉન્ડ વોટર ટેન્ક તેમજ બોરવેલ
- આર.સી.સી. રોડ સાથે સ્ટ્રીટ લાઈટ
- દરેક પ્લોટ સાથે ડ્રેનેજ કનેક્શન તેમજ વોટર સપ્લાય પોઈન્ટ

Developers : Aakar Infrastructure

Shalvik Shukan

ચન્દ્રલોક ની સામે, કિર્તીધામની બાજુમાં, વાવોલ-ઉવારસદ રોડ, વાવોલ, ગાંધીનગર